
# મુંબઈમાં ભારે વરસાદથી લોકો અટવાયા

## કલાકો સુધી પડેલા વરસાદથી નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા





મુંબઈ,તા. ૨૩

દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં આજે ભારે વરસાદના પરિણામ સ્વરૂપે ભારે અફડાતફડી અને અંધાધૂંધી સર્જાઈ ગઈ હતી. ઘણી જગ્યાઓએ ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. કલાકો સુધી વરસાદ જારી રહેતા લોકો મુશ્કેલીમાં દેખાયા હતા. ટ્રેન સેવાને પણ માઠી અસર થઈ હતી. સાંતાક્રૂઝમાં એસવી રોડ, અંધેરીમાં શાકીનાકા-મારોલ રોડ, માહિમ ચર્ચ વિસ્તાર, વરસોવા, મિલાન સબવે, જુહુ, માટુંગા અને કુર્લામાં પાણી ભરાઈ ગયા હતા. થાણે અને રાયગઢમાં પણ અતિ ભારે વરસાદ થયો છે. હવામાન વિભાગે આગાહીમાં જણાવ્યું છે કે મુંબઈમાં આગામી ૪૮ કલાકમાં ભારે વરસાદ થઈ શકે છે. દિલ્હીમાં પણ ગઈકાલે ભારે વરસાદ થયો હતો. મળેલી માહિતી મુજબ જુદી જુદી જગ્યાઓએ લોકો અટવાઈ પડ્યા હતા. ખાસ કરીને ટુ વ્હિલર અને ફોર વ્હિલર ચાલકો અટવાઈ પડ્યા હતા. ટ્રાફિક સિગ્નલો કામ કરતા બંધ થયા હતા જેથી વધુ સમસ્યા ઉભી થઈ હતી. મુંબઈના લોકો માટે સોમવારનો દિવસ ખુબ સારો રહ્યો હતો. દરિયામાં મોજા ઉછળવાની ચેતવણી આપ્યા હોવા છતાં હળવો વરસાદ થયો હતો. જો કે આ સપ્તાહમાં સતત પાંચ દિવસથી દરિયામાં ૪.૫ મિટરના મોજા ઉઠળી રહ્યા છે જેથી દરિયા કિનારે રહેતા લોકોને સાવધાન રહેવાની સૂચના આપવામાં આવી છે. બ્રિહાન મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન અને રેલવે દ્વારા દાવો કરાયો છે કે તેઓએ ભારે વરસાદ અને ઉંચા મોજા ઉછળવાની શકયતાના પરિણામસ્વરૂપે હાઈએલર્ટની જાહેરાત કરી છે. ૪.૫ મીટરથી ઊંચી કોઈ પણ લહેર સામાન્ય રીતે ઉંચી હોય છે અને નુકસાન કરી શકે છે. નિચાણવાળઆ વિસ્તારોમાં આનાથી પાણી ભરાઈ શકે છે. હજુ સાવધા રહેવાની જરૂર છે. કોર્પોરેશન દ્વારા તમામ સાવચેતીના પગલા લેવાયા છે. રેલવે અધિકારીઓ પણ એલર્ટ થઈ ગયા છે કારણ કે ભારે વરસાદની આગાહી કરાઈ છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ બેસ્ટ સાથે મળીને કામ કરશે.

**ભાવ કિલોદીઠ ૩૬-૪૦**

## ડુંગળીની કિંમતમાં મેટ્રો સીટીમાં નોંધપાત્ર વધારો

નવી દિલ્હી,તા. ૨૩

ડુંગળીની કિંમતમાં તાજેતરના સમયમાં તીવ્ર વધારો નોંધાયો છે. છેલ્લા એક વર્ષમાં મેટ્રો શહેરોના છુટક બજારમાં ડુંગળીની કિંમત બેગણી થઈ ગઈ છે અને ભાવ પ્રતિકિલો ૩૬થી ૪૦ રૂપિયા બોલાયો છે. એકંદરે ભાવવધારાનો બોજ લોકો ઉપાડી રહ્યા છે. હાલમાં ડુંગળીની કિંમત રાષ્ટ્રીય પાટનગરના છુટક બજારમાં પ્રતિકિલો ૩૬ રૂપિયા છે જ્યારે મુંબઈ, કોલકાતા અને ચેન્નઈમાં ડુંગળીનો ભાવ પ્રતિકિલો ૩૨ રૂપિયા છે. ગ્રાહક બાબતોના મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યુ છે કે જીવન જરૂરી ચીજવસ્તુઓની કિંમત પર નજર રાખવામાં આવી રહી છે. કેટલાક બજારોમાં ડુંગળીના ભાવ પ્રતિકિલો ૪૦થી પણ ઉપર પહોંચ્યા છે. ડુંગળીની છુટક કિંમત એક વર્ષમાં તીવ્ર ગતિએ વધી છે. ડુંગળીની કિંમતમાં વધારો થવા માટે ઘણા પરિબળ જવાબદાર છે. એક બાજુ તેની માંગ વધી છે. બીજી બાજુ મોટા ભાગના ગ્રાહકો તેનો ઉપયોગ કરી રહ્યા છે. ટામેટા, કઠોળ અને અનાજની કિંમતોમાં પણ વધારો થયો છે. સામાન્યરીતે ચોમાસાની સિઝન દરમિયાન શાકભાજી મોંઘી બને છે પરંતુ આ વર્ષે ડુંગળીની કિંમતને અસર થઈ છે. ડુંગળી ઉત્પાદન કરતા રાજ્યોમાં ભારે વરસાદના લીધે આ સ્થિતિ સર્જાઈ છે.

## હૈદરાબાદમાં દિવાલ તૂટી પડતા છ લોકોના મોત

હૈદરાબાદ,તા. ૨૩

હૈદરાબાદમાં મોલાલી નગરમાં આજે સવારે બે ઝૂંપડાઓ પર એક દિવાલ ધરાશાયી થઈ જતા ઓછામાં ઓછા છ લોકોના મોત થઈ ગયા હતા.

અન્ય કેટલાકને ઈજા પણ થઈ હોવાનું જાણવા મળ્યુ છે. માર્યા ગયેલાઓમાં ત્રણ બાળકોનો પણ સમાવેશ થાય છે. પોલીસે માહિતી આપતા જણાવ્યું છે કે બચાવકામગીરીમાં વ્યસ્ત રહેલા લોકોએ કાટમાળ હેઠળથી છ મૃતદેહોને બહાર કાઢ્યા છે. અન્ય બે બાળકોને પણ બહાર કાઢીને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ ઘટના મોલાલીની એમજે કોલોનીમાં એ વખતે થઈ હતી જ્યારે શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી ભારે વરસાદ થઈ રહ્યો છે. વરસાદના કારણે ઝૂંપડપટ્ટી સાથે સંકળાયેલી એક જૂની દિવાલ ધરાશાયી થઈ ગઈ હતી. મૃત્યુ પામેલાઓમાં મજુર પરિવારના બે સભ્યો સામેલ છે. આ લોકો રંગારેડ્ડી અને મહેબુબનગર જિલ્લાથી અહીં રહેવા માટે આવ્યા હતા. આ ઘટના દરમિયાન સમગ્ર પરિવારના સભ્યો કાટમાળ હેઠળ ફસાઈ ગયા હતા. સરકારે મૃતકના પરિવારને ૮.૫ લાખ રૂપિયા અને બીજા પરિવારને ૬.૫ લાખ રૂપિયાની રકમ આપવાની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી એમ કિરણકુમાર રેડ્ડીએ કહ્યુ છે કે તેઓ આ ઘટનાને લઈને ખૂબજ દુઃખી છે. ઘાયલ થયેલા લોકોને સારી સારવાર મળે તેવી પણ સૂચના આપી છે. હૈદરાબાદ નગરનિગમ દ્વારા જણાવવામાં આવ્યુ છે કે નગરનિગમ મૃતકોના પરિવારને એક-એક લાખ રૂપિયાની મદદ કરશે. બિલ્ડરની સામે પણ કેસ દાખલ કરીને પણ ઉંડી તપાસ હાથ ધરી છે. બિલ્ડરની ભૂલના કારણે જ આ બનાવ બન્યો હતો. અત્રે એ ઉલ્લેખનીય છે કે સિકંદરાબાદમાં સીટી લાઈટ હોટલ ધરાશાયી થઈ જતા બે સપ્તાહ પહેલા જ ૧૮ લોકોના મોત થયા હતા અને અનેક લોકો ઘાયલ થયા હતા. હૈદરાબાદમાં વરસાદના કારણે જૂના મકાનો ધરાશાયી થવાના બનાવો હાલમાં નોંધાયા છે.



## સમાચાર ઝલક

- થરાદ તાલુકાના વાડીયામાં મનોચિકિત્સકો દ્વારા મહિલાઓને માર્ગદર્શન.
- પોસ્ટથી મળશે કાશી વિશ્વનાથનો પ્રસાદ.
- ફિલ્મ કલાકાર મનોજકુમારને હોસ્પિટલમાં દાખલ કરાયા.
- રેલ્વેમાં વેઇટીંગ ટિકીટમાં મુસાફરી થશે નહીં, ગમે તે સ્થળે ઉતારી દેવાશે.
- રમજાન માસમાં 'ખાન-મિલન'થી બોલીવુડ ખુશ.
- ગુરૂપૂર્ણિમાના દિવસે જ ભાટીયા કન્યાશાળામાં આચાર્યની હત્યા.
- બોધગયા મંદિરના સીસીટીવી કેમેરા ફૂટેજ ગાંધીનગરની એફએસએલમાં ચકાસણી અર્થે લવાયા.
- બાલાજી વેફર્સ અને નમકીન હવે વિદેશોમાં ધંધો જમાવશે.
- ડીઝલ, કેરોસીન, એલપીજીમાં ભાવવધારવા કેન્દ્રની યોજના.
- ચીનમાં ભયંકર ભૂકંપ, ૧૦૦ થી વધુ વ્યક્તિઓનાં મોત.
- હાય રે ગરીબી... અફઘાનિસ્તાનમાં ગરીબ બાળકો ચોકલેટ-મીઠાઇની લાલચમાં સ્યુસાઇડ બોમ્બર બને છે.
- સંજયદત્તને મુંબઇની હોસ્પિટલમાં સારવાર અપાશે.
- ૨૭ કલાકમાં ૨૧૭ કન્યાઓનાં હાથે મહેંદી મૂકી વડોદરાનાં યુવાને વિશ્વ રેકોર્ડ સ્થાપ્યો.
- બ્રિટનમાં શાહી વારસદારના આગમનની તૈયારી.
- અયોધ્યામાં સાધુઓ વચ્ચે ખુની જંગ ખેલાયો, એક સાધુનું મોત, સામસામે ફાયરીંગ થયું.
- હરદ્વારમાં કરોડોનાં ખર્ચે ૪૦૦૦ મીટરમાં અતિથિ ભવન સાથે ઉમિયાધામનું નિર્માણ થશે.
- ગુજરાતના લોકોની આવક ઓછી અને ખર્ચ શક્તિ પણ ઓછી : નેશનલ સેમ્પલ સર્વેનો રીપોર્ટ.
- અમેરિકાનો બનાવ - કારમાં પોતાની ૧૧ માસની બાળકી ભૂલી ગઇ મમ્મી, ગુંગળાઇને બાળકી મૃત્યુ પામી.
- બગદાણામાં ગુરૂપૂર્ણિમાના દિવસે ૨ લાખ ભક્તોએ બાપા સીતારામના નાદ ગજવ્યા.
- ચૂંટણી જાહેરનામાના દિવસથી 'ઓપિનિયન પોલ' પર પ્રતિબંધ મુકાશે.
- ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ મુકવા કેન્દ્રની વિચારણા.
- રક્ષાબંધનના તહેવારને અનુલક્ષીને પોસ્ટ વિભાગે ખાસ કવર બહાર પાડ્યા.
- દુનિયાની શ્રેષ્ઠ કાર એમ્બેસેડર.
- દ્વારકા શારદાપીઠનાં શંકરાચાર્યની તબિયત લથડી, દિલ્હી હોસ્પીટલમાં ખસેડાયા.
- પ્રતિભાવંત એથ્લીટ શોધવા હોય તો ગામડા ખૂંદો : મિલ્ખાસિંઘ.
- કેદારનાથમાં શ્રાવણમાં શિવને જળાભિષેક નહિ થાય.
- સૌરાષ્ટ્ર પછી હવે ગુજરાતમાં કોંગો ફીવરનો ભરડો, લોકોમાં ફફડાટ.

## ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે આજે હરારેમાં પ્રથમ વનડે

હરારે,તા. ૨૩

ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે આવતીકાલે હરારેમાં પાંચ વન-ડે મેચોની શ્રેણીના પ્રથમ મેચ રમાનાર છે. કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીની ગેરહાજરીમાં આ વખતે કેપ્ટન તરીકેની જવાબદારી વિરાટ કોહલીને સોંપવામાં આવી છે જેથી કોહલીના નેતૃત્વમાં યુવા ખેલાડીઓને વધુ સારો દેખાવ કરવાની તક રહેલી છે. બીજી બાજુ ઝિમ્બાબ્વેની ટીમ પણ ઘર આંગણે પોતાની પરિસ્થિતિનો લાભ લઈને શાનદાર દેખાવ કરવા માટે સજ્જ છે. ભારત અને ઝિમ્બાબ્વે ૯૦ના દશકમાં નિયમિત રીતે એકબીજા સામે રમી રહ્યા હતા પરંતુ ૨૦૦૦ બાદથી ભારતે માત્ર ત્રણ વખત ઝિમ્બાબ્વેનો પ્રવાસ કર્યો છે. ૨૦૦૨ બાદથી ઝિમ્બાબ્વેની ટીમને ભારતમાં રમવા માટે ક્યારેય પણ આમંત્રણ આપવામાં આવ્યું નથી. યજમાન ટીમ માટે આગામી શ્રેણી પડકારરૂપ રહેશે. ભારત હજુ પણ હોટ ફેવરિટ તરીકે રહેલી છે. કેરેબિયનમાં મિશ્ર પરિણામ મળ્યા બાદ આ શ્રેણી સંપૂર્ણપણે જીતવા માટે વિરાટ કોહલી ઉત્સુક દેખાઈ રહ્યો છે. આ વર્ષના અંતમાં દક્ષિણ આફ્રિકાના પ્રવાસમાં ભારતીય ટીમ રમનાર છે જેથી આફ્રિકાના પ્રવાસ પહેલા ટીમ ઈન્ડિયાના ખેલાડીઓને સારો દેખાવ કરવાની તક મળશે. ઓગસ્ટ મહિનામાં આફ્રિકાની એ ટીમ દ્વારા પ્રવાસ પણ થનાર છે. વિરાટ કોહલી ઉપરાંત ટીમ ઈન્ડિયાના તમામ ખેલાડી તકનો લાભ લઈને દેખાવ કરવા ઈચ્છુક છે. ઝિમ્બાબ્વેની ટીમ કોચ એન્ડી વોલરના માર્ગદર્શન હેઠળ રમી રહી છે. બ્રેન્ડન ટેલરના નેતૃત્વમાં ટીમમાં કેટલાક પ્રતિભાશાળી ખેલાડીઓ રહેતા છે જેમાં ઉત્સૈયાનો સમાવેશ થાય છે. ભારતીય ટીમ તેના મૂળ બોલરોની ગેરહાજરીમાં રમી રહી છે. બોલરો પણ બધા નવા છે.

ભારતીય ટીમ : શિખર ધવન, રોહિત શર્મા, ચેતેશ્વર પૂજારા, વિરાટ કોહલી (કેપ્ટન), સુરેશ રૈના, દિનેશ કાર્તિક, રવિન્દ્ર જાડેજા, પરવેઝ રસુલ, અમિત મિશ્રા, વિનય કુમાર, જયદેવ ઉન્નડકર

ઝિમ્બાબ્વેની ટીમ : સિબાન્ડા, સિકંદર રાજા, મસકાઝા, બ્રેન્ડન ટેલર (કેપ્ટન), માલ્કમ વોરલ, સિમ વિલિયમ, ચિગુમ બુરા, ઉત્સૈયા, મુટોબોજી, જારવીસ, બ્રાયન વિટોરી

## ચીનના સૈનિકો દ્વારા વર્ષમાં ૧૫૦ વાર ઘૂસણખોરી થઈ

નવી દિલ્હી,તા. ૨૩

ચીની સૈનિકોએ વારંવાર વાસ્તવિક અંકુશ રેખાને પાર કરીને ભારતીય સૈના અને ભારત સરકારની ઊંઘ હરામ કરી છે. છેલ્લા પાંચ દિવસમાં ત્રણ વખત ઘૂસણખોરીની સાથે જ ચીની સેનાએ ભારતીય સરહદમાં ઘૂસણખોરી કરવાનું કૃત્ય જારી રાખ્યું છે. લડાખમાં ચીનના આક્રમક વલણને જોતા ભારત સરકારને પણ હવે આ દિશામાં નક્કર પગલાં લેવા પડશે. સૂત્રોના જણાવ્યા મુજબ ચીની સેનાએ ૧૬મી જુલાઈ, ૧૭મી જુલાઈ અને ૨૦મી જુલાઈના દિવસે ઘૂસણખોરી કરી હતી. આ ત્રણે દિવસોમાં વાસ્તવિક અંકુશ રેખામાં ચીની સૈનિકો ઘૂસી ગયા હતા. ચુમાર સેક્ટરમાં ભારતીય પ્રદેશમાં બે કિલોમીટર સુધી ચીની સૈનિકો ઘૂસ્યા હતા. સૂત્રોનું કહેવું છે કે ચીની સૈનિકો આ વર્ષે ૧૫૦થી વધુ વખત ૪૦૮૭ કિલોમીટરની એલએસીમાં ઘૂસી ચૂકયા છે. એપ્રિલ મહિનામાં દોલત બેગ ઓલ્ડી સેક્ટરમાં ઘૂસણખોરી કર્યા બાદથી ઘૂસણખોરી નિયમિતરીતે થઈ રહી છે.

છેલ્લા ત્રણ સપ્તાહમાં ઘૂસણખોરી વધી ગઈ છે. ગઈકાલે જ સેનાના વડા વિક્રમસિંહ સરંક્ષણ પ્રધાન એ કે એન્ટોની અને રાષ્ટ્રીય સુરક્ષા કલાકાર શિવશંકર મેનને મળ્યા હતા અને એલએસીમાં રમાતી રહેતી સ્થિતિથી વાકેફ કર્યા હતા. ચીનના આક્રમક વલણને લઈને ભારતને હવે વધુ સાવધાન રહેવાની જરૂર છે. ચીની સૈનિકોના વલણથી હવે તકેદરી વધારી દેવામાં આવી છે. ૨૦ જેટલા ચીની સૈનિકો લડાખ સેક્ટરમાં હાલમાં ઘૂસી ગયા હતા. તેમની પાસે પ્લે કાર્ડ પણ હતા જેમાં કબજા હેઠળના પ્રદેશોમાંથી જતા રહેવા ભારતીય જવાનોને સૂચના આપવામાં આવી હતી. બંને પક્ષો એલએસી ઉપર તેમની પેટ્રોલીંગ સતત કરે છે પરંતુ ઘણી વખત આમને સામને પણ આવી જાય છે. સૈનાના સૂત્રોએ કહ્યું છે કે ભારત ચીન સાથેની આગામી ફ્લેગ મિટીંગ દરમિયાન આ મુદ્દો ઉઠાવે તેવી શક્યતા છે. ચેમુર સેક્ટરને ચીની સૈનિકો વારંવાર ટાર્ગેટ બનાવે છે. કારણ કે ભારતીય સૈના રક્ષાત્મક વલણ ધરાવે છે. ચીની સૈનાના કૃત્યોને લઈને પણ આવનાર દિવસોમાં કઠોર વલણની પણ વકી છે.

### Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

બાળકો પાસે મન નામની મિલ્કત એકદમ લાઈવ હોય છે. એ બધું નિરક્ષણ કરતાં હોય છે. બહારનું જોયેલું અને મનમાં ગોઠવેલાની ગડમથલ કરતાં હોય છે. ધીમે ધીમે એમની ઉંમર વધતી જાય અને પેલી મીક્સ થતી વાતો થોભી જાય. બહારનુ અને મનનું અલગ છે. એવાં બે ચોખ્ખાં ખાનાં પડી જાય અને મન પ્રૌઢ થવાનું શરૂ થાય. એક વખત એનું મન વ્યવસ્થિત નોંધ લેતું થાય એટલે ચાલુ થાય ધિંગામસ્તી... અને ત્યારે એ બાળકનાં મા-બાપને એમનું બાળપણ યાદ આવી જાય. બાળકોને એમનાં કરેલા નાનામાં નાના કામનું શ્રેય આપો, વખાણ કરો, એનો ઉત્સાહ વધારો અને પછી એનું નિરીક્ષણ કરો...

પરપલ-વાયોલેટ, ક્રિમ-ગ્રે કે સ્કાય બ્લ્યુ - નેવી બ્લ્યુ જેવો રંગનો પાતળો ભેદ જયારે મૃણમયી બતાવે તો આશ્ચર્ય થાય પછી એનો રાઝ ખૂલ્યો કે એની પાસે માથામાં નાખવાની ડઝન પીતો હતી અને રંગનો ભેદ એની દીદીએ શીખવાડી દીધેલો... એના પપ્પા કયારેક નવાં ગીતોની લીટી જમતાં જમતાં લલકાકે તો દીકરી તરત ટાંકીને કહે કે 'ગીત નહીં ગાયત્રી મંત્ર બોલો' પછી ખબર પડે કે આવું એને એની મમ્મી શીખવતી, બાળકોનાં મન પર ઘરનાં વાતાવરણ-વાતચીતની તાત્કાલિક અસર થતી હોય છે અને બાળક જો કાંઈ સારૂં કરે તો સમજવું કે તમારામાંથી જ શીખ્યું છે અને ખરાબ કરે તો...

બાળકો નિબંધમાં ભારે ભારે શબ્દો વાપરે છે કેમ કે એને વધારે માર્કસ મળે છે, અને એના શબ્દો ઘરમાં વાતચીતમાં વાપરે તો અજુંગતુંય લાગે છે ત્યારે એનું મન કળાય છે એ શબ્દોનાં ભારથી મોટો થાય છે... મૃણમયી જયારે સવારનું છાપું ઉઠાવી પેપર વાંચવાની નકલ કરે, કે ભગવાન પાસે જઈ હનુમાન ચાલીસા ગુનગુનાવી માથું ટેકવે કે નવા ગીતો ગાતાં ગાતા ડાન્સ કરે ત્યારે તરત જ એનાં ઘરમાં રૂટીનનો ખ્યાલ આવે અને ખબર પડે કે આ બાળકી કયાંથી શું શીખી રહી છે?? ઘરનાંના પગરખાં લાઈનમાં લગાડે કે આવનારાં મહેમાનોને ફરજીયાત જૂતા બહાર કઢાવે ત્યારે કે પછી ઘરનાં લાઈટ-પંખા બંધ કરી દે ત્યારે સાડા ત્રણ વર્ષની બાળકીએ સ્વીકારેલી સીસ્ટમ અને એનાં કુમળા મન પર આકાર લેતી ઘટનાઓ ધ્યાને આવે... તમારે તમારામાં બાળકનાં કોરાં મનની સ્લેટ પર શું કોતરાવવું છે?

**ચૂંટલો :**

કાલાઘેલા શબ્દોમાંથી ઘડાતાં અર્થવિહીન વાકયો સાથે બાળકના મનમાં અનેક પ્રસંગો - ઘટનાઓ આકાર લઈ એનું બાળપણ અને પછી ચારિત્ર્ય ઘડાતું હોય છે, એના કુમળા મનમાં વિચારો સમજીને એની સ્લેટ પર સારાં ચિત્રો દોરવાનું કામ આપણે જ કરવાનું, સમજે બાબુ.

## ચીનમાં ભૂકંપમાં મૃતાંક વધીને ૯૫

બેજિંગ,તા. ૨૩

ચીનના ઉત્તર પશ્ચિમ પ્રાંત ગાંસૂમાં ગઈકાલે આવેલા વિનાશકારી ભૂકંપમાં મોતનો આંકડો વધીને ૯૫ ઉપર પહોંચી ગયો છે. જ્યારે ઘાયલોની સંખ્યા ૬૦૦થી વધારે છે. બચાવ અને રાહતકામગીરી હજુપણ જારી રહી છે.

ઉત્તરપશ્ચિમ ચીનમાં સોમવારના દિવસે ૬.૬ અને ૫.૬ની તીવ્રતાના બે આંચકા આવ્યા હતા જેના કારણે ભારે નુકસાનથયુ હતુ. ૨૦૦૦૦થી વધુ ઈમારતો ભૂકંપના કારણે નુકસાન પામી ચુકી છે. લોકોમાં વ્યાપક દહેશત પણ ફેલાયેલી છે. ઈજાગ્રસ્તો પૈકી ઘણા ગંભીર રીતે પણ ઘાયલ થયેલા છે. સ્થાનિક અધિકારીઓએ કહ્યું છે કે પ્રચંડ ભૂકંપ બાદ બચાવ અને રાહત કામગીરી તરત જ હાથ ધરવામાં આવી હતી. પ્રથમ આંચકો નોંધાયા બાદ થોડાક સમય ગાળા બાદ વધુ એક આંચકો નોંધાયો હતો. પહેલા આંચકાની તીવ્રતા ૬.૬ અને બીજા આંચકાની તીવ્રતા ૫.૬ જેટલી આંકવામાં આવી હતી. મીનજિયાંન કાઉન્ટીમાં ઝાંગજિયાન કાઉન્ટીમાં સૌથી વધુ લોકોના મોત થયા છે. આ બંને વિસ્તારમાં ભારે નુકસાન થયુ છે. આ અગાઉ વર્ષ ૨૦૦૮માં ચીનના સિચ્યુઆન પ્રાંતમાં આવેલા ભૂકંપમાં આશરે ૯૦ હજાર લોકોના મોત થયા હતા અને લાખોની સંખ્યામાં લોકો બેઘર થયા હતા.

## આરટીએલની અરજી પર સુનાવણી અંતે મોકુફ થઈ

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે રિલાયન્સ ટેલીકોમ લિમિટેડની અરજી પર સુનાવણી આજે મોકુફ કરી દીધી હતી. ટુજી કેસમાં પ્રોસિક્યુશન સાક્ષી તરીકે ઉદ્યોગપતિ અનિલ અંબાણી અને તેમના પત્નિ ટીના અંબાણી સામે સમન્સ જારી કરવાના ટ્રાયલ કોર્ટના આદેશ સામે રિલાયન્સ ટેલિકોમ લિમિટેડ દ્વારા દાખલ કરવામાં આવલી અરજી પર સુનાવણી આજે મોકુફ કરી દીધી હતી. પરંતુ સુપ્રીમ કોર્ટે ટુજી કોર્ટમાં અનિલ અંબાણીની ઉપસ્થિતિ પર સ્ટે મૂકવાનો ઈન્કાર કર્યો છે. હવે નવી બેંચ આરટીએલની અરજી પર સુનાવણી હાથ ધરશે. શુક્રવારના દિવસે અનિલ અંબાણીની ઉપસ્થિતિ પર કોઈ પણ સ્ટે મૂકવામાં આવ્યો નથી. જસ્ટિસ સિંઘવી અને જસ્ટિસ રાધાકૃષ્ણની બનેલી બેંચ દ્વારા મામલામાં સુનાવણી હાથ ધરવામાં આવશે.

## ઘાસચારા કૌભાંડ કેસઃલાલુ યાદવને વચગાળાની રાહત

નવી દિલ્હી,તા. ૨૩

બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને આરજેડીના નેતા



લાલુ પ્રસાદ યાદવને આજે કોર્ટ તરફથી આશિક રાહત મળી હતી. લાલુ યાદવની ઘાસચારા કૌભાંડ મામલાની સુનાવમી બીજી નીચલી અદાલતમાં ટ્રાન્સફર કરવાની માંગ કરતી અરજી પર સીબીઆઈને પોતાની રજુઆત કરવા માટે એક સપ્તાહની મહેતલ સુપ્રીમ કોર્ટે આજે આપી હતી. ઘાસચારા કૌભાંડમાં લાલુ યાદવને વચગાળાની રાહત મળી ગઈ છે. ચીફ જસ્ટિસ પી સથાશિવમ અને જસ્ટિસ રંજન ગોગોઈની બનેલી સુપ્રીમ કોર્ટની બેંચે લાલુ યાદવની અરજી પર સીબીઆઈ દ્વારા પોતાની રજુઆત ન કરવાના મામલામાં સુનાવણી મોકુફ કરી દીધી હતી. લાલુ યાદવના વકીલ રામ જેઠમલાણી દ્વારા જોરદાર રજુઆત કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે તેનું વલણ સ્પષ્ટ કરવા સીબીઆઈને મહેતલ આપી છે. લાલુ યાદવે ચારા કૌભાંડ કેસમાં ટ્રાયલને અન્ય ટ્રાયલ કોર્ટમાં ખસેડવાની માંગ કરી હતી. આ સંબંધમાં વલણ સ્પષ્ટ કરવા માટે સીબીઆઈને કહેવામાં આવ્યુ છે. લાલુની અરજી પર જવાબ આપવામાં સીબીઆઈ નિષ્ફળ રહી હતી. આ મામલાં સુનાવણી છઠ્ઠી ઓગસ્ટ સુધી મોકુફ કરવામાં આવી હતી.